દેશમાં રેમડેસિવિયર ઈન્જેક્શનની ભારે અછત

સ્ટેરોઈડ-બ્લડ થિનર કોરોનાગ્રસ્ત દર્દી માટે જીવન બચાવનારી છે : નિષ્ણાતો

લખનૌ, તા. ૨૯

કોરોના મહામારીના પ્રકોપ વચ્ચે દેશમાં રેમડેસિવિયર ઈન્જેક્શનની ખૂબ જ અછત પડી રહી છે. જોકે હવે નિષ્ણાંતોએ જણાવ્યું કે રેમેડસિવિયર કરતા પણ વધુ સારી રીતે કેટલાક ખાસ સ્ટેરોઈડ અને બ્લડ થિનર કોરોનાગ્રસ્ત ગંભીર દર્દીઓ માટે જીવન બચાવનાર નિવડી રહ્યા છે.

સ્ટેરોઈન્ડ અને બ્લડ થિનર એવા ગ્રુપની દવાઓ છે જેનો ઉપયોગ બીમારીઓના એક સમૂહની સારવાર માટે થાય છે. આ બંને ડ્રગ પોતપોતાની રીતે શરીરમાં મેડિકલ પ્રોબ્લેમ દૂર કરવા માટે કામ કરે છે. સ્ટેરોઈડમાં એન્ટી ઈન્ફલામેન્ટરી પ્રોપ્રટી હોય છે. જ્યારે બ્લડ થિનર શરીરમાં લોહીના ગાઠા જામવા દેતું નથી.

સ્ટેરોઈડમાં એન્ટી ઈન્ફલામેન્ટરી પ્રોપ્રટી હોય છે, જ્યારે બ્લડ થિનર શરીરમાં લોહીના ગાઠા જામવા દેતું નથી, રેમડેસિવિયર કરતા આ દાવા વધુ અસરકારક

સંજય ગાંધી પોસ્ટ ગ્રેજયુએટ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સના ડિરેક્ટર પ્રો. આર. કે. ધિમને કે જેઓ ખૂબ જ ગંભીર દર્દીઓની સારવાર કરી રહ્યા છે તેમણે જણાવ્યું કે 'કોરોના વાયરસના જુદા જુદા સ્ટ્રેન આપણા શરીરના કોષો પર હુમલો કરે છે અને એવી સ્થિતિ પેદા કરે છે જેમાં શરીરમાં ઈન્ફલામેશન વધે અને લોહીના ગાઠા જામે. તેથી જો તેને સમયસર કાબૂમાં કરવામાં ન આવે તો દર્દીનું જીવન ગંભીર જોખમ હેઠળ આવી જાય છે. જેનાથી મલ્ટિ ઓર્ગન ફેલ્યોરની શક્યતા વધી જાય છે. અમે નોંધ્યું છે કે જ્યારે રેમડેસિવિયર બિમારીના સમયગાળાની લંબાઈને ઘટાડવામાં મદદ કરે છે ત્યારે સ્ટેરોઈડ અને બ્લડ થિનર દર્દીનો જીવ બચાવવામાં મદદ કરે છે.'

તેમણે કહ્યું કે રેમડેસિવિયર પાછળ લોકોની આંધળી દોટ અને તેના કારણે અછત સાવ નકામી છે. તેમણે લોકોને કહ્યું કે રેમડેસિવિયર ખૂબ જ ઓછા લોકોને સજેસ્ટ કરવામાં આવે છે અને તેના માટે ખોટી દોડાદોડ લોકોએ કરવી જોઈએ નહીં. 'તેમણે કહ્યું કે અમે સેન્ટર પર દર્દીની જરુરિયાત મુજબ તેને સ્ટેરોઈડ, બ્લડ થિનર આપીએ છીએ. જો વ્યાપક રીતે વાત કરવામાં આવે તો કોરોનાથી સ્વસ્થ થવા માટે અમારો સક્સેસ મંત્ર છે - સ્ટેરોઈડ, બ્લડ થિનર, સપોર્ટિવ કેર અને ઓક્સિજન થેરાપી અને સાથે એન્ટિબાયોટિકનું કવર આપવું જેથી બીજુ કોઈ સંક્રમણ ન થાય.

આ જ પ્રકારની સ્ટ્રેટેજી કિંગ જોર્જ મેડિકલ યુનિવર્સિટી ખાતે ફોલો કરવામાં આવે છે. કેજીએમયુના કોવિડ વોર્ડના ઈન્ચાર્જ ડો. હિમાંશુએ કહ્યું કે, 'સારવારમાં સ્ટેરોઈડનું મહત્વ ઘણું છે પરંતુ રેમડેસિવિયરનું પણ મહત્વ છે જોકે તેનો અર્થ એ નથી કે રેમડેસિવિયર મેળવાવા માટે આપણે આંધળી દોટ મૂકીએ.

સ્ટેરોઈડ કઈ રીતે દર્દીનો જીવ બચાવે છે તેના પર વાત કરતા પટેલ ચેસ્ટ ઈન્સિટ્યુટના પ્રો. રાજેન્દ્ર પ્રસાદે જણાવ્યું કે, 'જ્યારે કોરોના મહામારીનું સંક્રમણ વ્યક્તિ પર હુમલો કરે છે. ત્યારે વાયરસ ગળામાં પોતાની વસાહત જેવી કોલોની બનાવે છે. જ્યાંથી તે ધીરે ધીરે ફેંફસા તરફ જાય છે. જેના કારણે વાયરસને જવાબ આપવા માટે શરીર ઈન્ફલામેશનથી જવાબ આપે છે. જેથી વ્યક્તિના ફેંફસામાં રહેલી નસોને ઈરિટેટિંગ થાય છે અને તે કફ બહાર કાઢે છે. હવે વાયરસ અને ફેંફસાની આ લડાઈમાં કફના આવવાથી કોવિડ ન્યુમોનિયા થાય છે. તેવામાં માણસના શરીરને જીતવા માટે સ્ટેરોઈડની અહીં જરુર પડે છે. પ્રો. ધીમને કહ્યું કે જ્યારે આ સંક્રમણ ફેંફાસમાંથી પસાર થાય છે ત્યારે સાયટોકિન તોફાન નામની સ્થિતિ પેદા થાય છે. જે બીજા અવયવો જેવા કે કિડની, શ્રવણેન્દ્રિય, લિવર વગેરેને નુકસાન પહોંચાડે છે. સ્ટેરોઈડ અને બ્લડ થિનરનું કોમ્બિનેશન શરીરમાં ઘુસેલા આ એલિયન વાયરસ સામે લડવામાં શરીરના કોષોને મદદ કરે છે. જોકે નિષ્ણાંતોએ આ સાથે જ પોતાની જાતે સ્ટેરોઈડના ઉપયોગ પર ગંભીર ચેતવણી આપી છે. ઈન્ડિયન મેડિકલ એસોશિએશનના ડો. પીકે ગુપ્તાએ કહ્યું કે 'સ્ટેરોઈડને કોઈ બી કોમ્પ્લેક્સની ગોળીની જેમ તમે ગમે ત્યારે ન ખાઈ શકો. તેના માટે જો પૂરતી તકેદારી સાથે ન લેવામાં આવે તો દર્દીને ખૂબ જ ગંભીર અસર થઈ શકે છે. તેમાં પણ જો વ્યક્તિ ડાયાબિટિઝ કે બીપીનો દર્દી હોય તો ગંભીર પરિણામ આવે છે.

તેમણે વધુમાં કહ્યું જેઓ હોમ આઈસોલેશનમાં તેમણે સતત પોતાના તાવ અને ઓક્સિજન લેવલને ચેક કરતા રહેવું જોઈએ. તેમજ જરુરિયાત જણાય ત્યારે ડોક્ટરનો સંપર્ક સાધીને તરત જ સલાહ સૂચનો લેવા જોઈએ.

'ટાઈમ'ની ૧૦૦ પ્રભાવશાળી કંપનીની યાદીમાં જિયો અને બાયજુનો સમાવેશ

મુંબઈ તા.૨૯

'ટાઈમ' મેગેઝીને દુનિયાની ૧૦૦ સર્વાધિક પ્રભાવશાળી કંપનીઓની પ્રથમ યાદીમાં બે ભારતીય કંપનીઓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ટેકનોલોજી એકમ જિયો પ્લેટફોર્મ્સ અને ઓનલાઈન શિક્ષણ આપનારી સ્ટાર્ટઅપ વાયજૂએ જગ્યા બનાવી છે.'ટાઈમ'ના અનુસાર ગત કેટલાક વર્ષોમાં મુંબઈના ઔદ્યોગીક સમૂહ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ભારતનું સૌથી મોટુ ૪-જી નેટવર્ક તૈયાર કર્યુ છે. કંપની વિભિન્ન દેશોની તુલનામાં ડેટા માટે સૌથી ઓછો દર લઈ રહી છે.'ટાઈમ' મુજબ બાય જુના સંસ્થાપક બાયજૂ રવિન્દ્રનને ખબર છે કે કોઈપણ સમયે પગલા આગળ વધારવાના છે. કંપનીના એપના ઉપયોગ કરનારાઓની કોવિડ-૧૯ મહામારી દરમિયાન સંખ્યા લગભગ બે ગણી ૮ કરોડ પહોંચી ગઈ હતી. હાલ તેને ટેનસેન્ટ અને બ્લેકનોક જેવા રોકાણકારો પાસેથી નાણા પોષણ મળ્યું છે.

અમદાવાદ જિલ્લા પંચાયત, સિંચાઇ વિભાગ
ઓનલાઇન ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.૨/૨૦૨૧-૨૦૨૨

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૬૮૬ની કચેરી મારફતે ઓનલાઇન ઇ-ટેન્ડરીંગથી ગાંધીનગર જિલ્લાના કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગર તાલુકાના ગામો માટે જુદી જુદી ક્ષમતાના સબ.પંપ/મોનોબ્લોક તથા એસેસરીઝ સપ્લાય કરવા માટે ઉત્પાદકો અથવા તેમના દ્વારા આ કામ અધિકૃત કરાયેલ વિક્રેતા પાસેથી ટેન્ડર જુદી જુદી ક્ષમતાના એક પંપસેટ માટે વાર્ષિક ભાવો માંગવામાં આવે છે. ઇ-ટેન્ડરિંગની વિગતો અત્રેની કચેરીએથી તથા માહિતી વિભાગની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in પર તા.૧૦-૦૫-૨૦૨૧ સુધી જોવા મળશે તથા ઓનલાઇન ટેન્ડર www.nwr.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઇ શકશે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૦૨/૨૦૨૧-૨૨

સ્ટોવેક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

રજી. ઓફીસ: એનમાર્ડેકૈસી, જાંબ્વા ગામ નજીક, પોસ્ટ નારોલ, અમદાવાદ - ૩૮૨૪૦૫, ગુજરાત
ફોન: +૯૧ (૦) ૭૯ ૬૧૫૭ ૨૩૦૦, ફેક્સ +૯૧ (૦) ૭૯ ૨૫૭૧ ૦૪૦૬.
સીઆઈએન : L45200GJ1973PLC050790
ઈ-મેલ: secretarial@stovec.com વેબસાઈટ: www.stovec.com

નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટીંગ મંગળવારે, મે ૧૧, ૨૦૨૧ ના રોજ વીડીયો કોન્ફરન્સ (વીસી) દ્વારા કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ ખાતે બીજી બાબતોની સાથે સાથે માર્ચ ૩૧, ૨૦૨૧ના રોજ પૂર્ણ થયેલ ત્રીમાસીક અને સમાપ્ત થતા ગાળાના કંપનીના અનઓડીટેડ ફાઈનાન્શીયલ રીઝલ્ટ ને ધ્યાનમાં લેવા તથા મંજૂર કરવા બાબતે રાખેલ છે.

રેગ્યુલેશન ૩૩(૨) અને ૪૭(૨) સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડીસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન ૨૦૧૫ અનુસાર આ બોર્ડ મીટીંગની નોટીસ કંપનીની વેબસાઈટ www.stovec.com પર તેમજ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર અપલોડ કરવામાં આવી છે.

સ્ટોવેક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,
સહિ/-
સંજીવ સીંઘ સેંગર
(કંપની સેક્રેટરી)
(મેમ્બરશીપ નં.: એફસીએસ ૬૮૩૫)

સ્થળ: અમદાવાદ
તારીખ: એપ્રીલ ૩૦, ૨૦૨૧

દેશમાં થયેલા કોરોના વિસ્ફોટમાં સૌથી વધુ પ્રભાવિત ૧૦ રાજ્યો પૈકીના પંજાબમાં કોરોના સામે સાવધાની રાખવાના નિયમોનું લોકો સરેઆમ ઉલ્લંઘન કરી રહ્યા છે. રાજ્યમાં રોકેટ ગતિએ ફેલાઈ રહેલા સંક્રમણ છતાં ભટિંડા શહેરના હોલસેલ વેજીટેબલ માર્કેટમાં ખરીદી માટે લોકોની ભીડ સર્જાયેલી દશ્યમાન થાય છે.

કોરોનાકાળ: ઈન્કમટેક્સ તથા જીએસટીમાં કેટલીક છુટછાટ

નવી દિલ્હી તા.૨૯

કોરોના મહામારીએ વધુ એક વખત દેશને ભરડો લીધો છે અને અનેક રાજ્યોમાં લોકડાઉન જેવા નિયંત્રણોથી વેપારધંધામાં હાલાકી ઉભી થઈ છે ત્યારે કેન્દ્ર સરકારે ઈન્કમટેક્સ આકારણી તથા જીએસટી રીટર્નના મામલામાં મુદતવધારા સાથે છુટછાટો આપી છે.

કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ જાહેર કર્યુ છે કે કોરોના હાલતને લક્ષ્યમાં રાખીને આવકવેરા આકારણીની મુદત વધારવામાં આવે છે. સંખ્યાબંધ સંગઠનોની રજુઆતને લક્ષ્યમાં રાખીને ૩૦ એપ્રિલની મુદત લંબાવીને ૩૦ જૂન કરવામાં આવી છે. આકારણી કે ફેરઆકારણીના ચૂકાદા, આવકવેરા કાયદાની કલમ ૧૪૮ અંતર્ગત આકારણી કેસ રીઓપન કરવા, ઈક્વલાઈઝેશન લેવી પ્રોસેસ માટે નોટીસ મોકલવાની મુદત વધારવામાં આવી છે. આ જ રીતે વિવાદ સે વિશ્વાસ સ્કીમમાં સમાધાન કરનારા કરદાતાને નાણાકીય ચૂકવણીની સમયસીમા ૩૦ જૂન સુધી લંબાવી દેવામાં આવી છે ત્યાં સુધી કોઈ પેનલ્ટી નહીં લાગે.

આવકવેરા વિભાગે ચાર કિસ્સામાં મુદત ૩ મહિના લંબાવી: જીએસટી રીટર્નમાં પણ મહત્વની રાહત

બીજી તરફ વેપાર ઉદ્યોગ માટે ૩૧ મે સુધી ભરવાના થતા જીએસટી રીટર્નને ઈલેક્ટ્રોનીક વેરીફીકેશન રોડ મારફત ખરાઈ કરવા મંજુરી આપવામાં આવી છે. કેન્દ્રીય અપ્રત્યક્ષ કરવેરા બોર્ડે કહ્યું કે ૨૧ એપ્રિલ ૩૧ મે દરમ્યાન જીએસટીઆર-૩બીમાં રીટર્ન તથા બહાર થયેલી સપ્લાયની વિગતો જીએસટીઆર-૧માં આપવાની છૂટ રહેશે. તેની ખરાઈ ઈવીસી મારફત થશે. અત્યારે માસિક રીટર્ન ફાઈલ કરવા તથા ટેક્સ ચૂકવણીમાં જીએસટીઆર-૩બીમાં ડીજીટલ સહી અનિવાર્ય છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે કોરોના કહેરમાં કરદાતાઓને આ પ્રથમ રાહત મળે છે. કોર્પોરેટ કરદાતા ૩૧ મે સુધી ઈવીસી મારફત કરી શકશે અને ડીજીટલ સહી સર્ટીફીકેટ માટે કચેરીએ નહીં જઈ શકતા હજારો કરદાતાઓને રાહત મળશે.

ફોર્મ એ - સાર્વજનિક જાહેરાત
(ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયાના નિયમન ૬ હેઠળ
(ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ ફોર કોર્પોરેટ પર્સનસ) નિયમો, ૨૦૧૬)
સીમંધર બ્રોકિંગ લિમિટેડના કેડિટર્સના ધ્યાન માટે

	સંબંધિત વિગતો	
1	કોર્પોરેટ દેવાદારનું નામ	સીમંધર બ્રોકિંગ લિમિટેડ
2	કોર્પોરેટ દેવાદારના સમાવેશની તારીખ	02/03/2007
3	ઓથોરિટી કે જેના હેઠળ કોર્પોરેટ દેવાદાર ઇન્કોર્પોરેટ / નોંધાયેલ	આરઓસી- અમદાવાદ, ગુજરાત
4	કોર્પોરેટ ઓળખ નંબર / મર્યાદિત જવાબદારી ઓળખ નંબર કોર્પોરેટ દેવાદારની	U67120GJ2007PLC050141
5	કોર્પોરેટ દેવાદારની રજિસ્ટર્ડ ઓફિસ અને મુખ્ય ઓફિસનું સરનામું (જો કોઈ હોય તો)	રજીસ્ટર્ડ ઓફિસ : ૮૦૧, વોલ સ્ટ્રીટ-૧, ઓરિએન્ટ કલબ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - 380006, ગુજરાત, ઇન્ડિયા
6	કોર્પોરેટ દેવાદારની નાદારી પ્રારંભની તારીખ	૨૯મી એપ્રિલ ૨૦૨૧ (ઓર્ડર ૨૯મી એપ્રિલ ૨૦૨૧ ના રોજ મળેલ છે)
7	ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા બંધ કરવાની અંદાજિત તારીખ	૨૩મી ઓક્ટોબર ૨૦૨૧
8	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરતા ઈન્સોલ્વન્સી પ્રોફેશનલનું નામ અને નોંધણી નંબર	શ્રી ઓમકાર માલુ રજીસ્ટ્રેશન નંબર : IBBI/IPA-001/IP-P00435/2017-18/10758
9	બોર્ડમાં નોંધાયેલા, વચગાળાના ઠરાવ વ્યવસાયિકનું સરનામું અને ઈમેલ	સરનામું : ૪૦૩, ચોથા માળે શીવલ પ્લાઝા, ગુજરાત કોલેજ રોડ, એલિસબ્રીજ, અમદાવાદ- 380006 Email ID: omkar@ormaloo.com
10	વચગાળાના ઠરાવ વ્યવસાયિક સાથે પત્રવ્યવહાર માટે ઉપયોગ કરવા માટે સરનામું અને ઈમેલ	સરનામું : ૪૦૩, ચોથા માળે શીવલ પ્લાઝા, ગુજરાત કોલેજ રોડ, એલિસબ્રીજ, અમદાવાદ - 380006 Email ID: ipsimandharbroking@gmail.com
11	દાવા રજૂ કરવાની છેલ્લી તારીખ	૧૩મી મે ૨૦૨૧
12	લેણદાર વર્ગો જો કોઈ હોય તો, (બી) અંતર્ગત વિભાગ-૨૧ની પેટા કલમ (૬એ)ની તપાસ કરી વ્યવસાય વચગાળાનો ઠરાવ	લાગુ નથી
13	વર્ગમાં લેણદારોના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે ઈન્સોલ્વન્સી પ્રોફેશનલના નામ (દરેક વર્ગ માટે ત્રણ નામ)	લાગુ નથી
14	(એ) સંબંધિત ફોર્મ્સ અને (બી) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો આના ઉપર ઉપલબ્ધ છે	Weblink: https://www.ibbi.gov.in/home/downloads ફીઝીકલ સરનામુ : ૪૦૩, ચોથા માળે, શીવલ પ્લાઝા, ગુજરાત કોલેજ રોડ, એલિસબ્રીજ, અમદાવાદ- 380006

આથી સૂચના આપવામાં આવે છે કે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે **સીમંધર બ્રોકિંગ લિમિટેડ**ની કોર્પોરેટ ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા ૨૯મી એપ્રિલ ૨૦૨૧ ના રોજ (ઓર્ડર ૨૯મી એપ્રિલ ૨૦૨૧ના રોજ મળેલ છે) શરૂ કરવાનો આદેશ આપેલ છે.

સીમંધર બ્રોકિંગ લિમિટેડના લેણદારોને એન્ટ્રી નં.૧૦ સામે જણાવેલ સરનામાં પર ૧૩મી મે ૨૦૨૧ના રોજ અથવા તે પહેલા વચગાળાના ઠરાવ વ્યવસાયિક સમક્ષ પુરાવા સાથે તેમના દાવા રજુ કરવા કહેવામાં આવ્યું છે.

નાણાંકીય લેણદારો ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા પુરાવા સાથે તેમના દાવા રજુ કરશે. અન્ય તમામ લેણદારો પુરાવા સાથે, વ્યક્તિગત રૂપે, પોસ્ટ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા દાવાઓ સબમીટ કરી શકે છે.

દાવાના ખોટા અથવા ગેરમાર્ગે દોરતા પુરાવા રજુ કરવાથી દંડ થઈ શકે છે.

(ઓમકાર માલુ) ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોફેશનલ
સીમંધર બ્રોકિંગ લિમિટેડ
Reg. No.: IBBI/IPA-001/IP-P00435/2017-18/10758

તારીખ: 29-04-2021
સ્થળ : અમદાવાદ

દેશમાં કોરોનાના દર્દીઓની વધતી સંખ્યાથી ચિંતા વધી

ભારતની હવે કેટલાક દેશોથી રેમડેસિવિયર મગાવવા તૈયારી

નવી દિલ્હી, તા. ૨૯

દેશભરમાં કોરોનાના દર્દીઓની વધતી સંખ્યાને કારણે રેમડેસિવિયર ઈન્જેક્શનોની પણ જોરદાર તંગી ઉભી થઈ છે. ત્યારે સરકારે હવે આ ઈન્જેક્શન વિદેશોમાંથી મગાવવાના પ્રયાસો શરુ કરી દીધા છે. અમેરિકન ફાર્મા કંપની જિલીડ સાયન્સિસ ભારતને રેમડેસિવિયરના ૪.૫૦ લાખ ડોઝ આપવા તૈયાર થઈ ગઈ છે. આ ઉપરાંત, ઈજિપ્ત, ઉઝબેકિસ્તાન, યુએઈ અને બાંગ્લાદેશમાંથી પણ રેમડેસિવિયર મગાવવાની તૈયારી કરાઈ રહી છે.

રેમડેસિવિયરની ખૂબ જ મોટી ડિમાન્ડને પરિણામે કેન્દ્ર સરકારે તેની આયાત પર ઈમ્પોર્ટ ડ્યૂટી માફ કરી દીધી

રેમડેસિવિયરની ખૂબ જ મોટી ડિમાન્ડને કારણે સરકારે તેની આયાત પર ઈમ્પોર્ટ ડ્યૂટી માફ કરી દીધી છે. આ ઉપરાંત, આ ઈન્જેક્શન બનાવવા વપરાતા કાચા માલની આયાતને પણ સરળ બનાવાઈ છે. અમેરિકન કંપની ભારતને તેનો જથ્થો પૂરો પાડવાની સાથે તેને બનાવવા માટેનો કાચો માલ પણ મોકલી રહી છે. અમેરિકાથી ઓક્સિજન રિલેટેડ ઈક્વિપમેન્ટ્સનો જથ્થો પણ શુક્રવાર સુધીમાં ભારત આવી પહોંચે તેવી શક્યતા છે.

આ સિવાય સ્વિટઝર્લેન્ડ જેવા દેશ પણ ઓક્સિજન કોન્સેન્ટ્રેટર્સ, વેન્ટિલેટર્સ અને મેડિકલ ઈક્વિપમેન્ટ સ્વરુપે મદદ મોકલી રહ્યા છે, જેનું ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની મદદથી વિતરણ કરવામાં આવશે. અમેરિકા સ્થિત યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમ પણ ઓક્સિજન મોકલવાનું આયોજન કરી રહી છે. તેના દ્વારા એક લાખ પોર્ટેબલ ઓક્સિજન કોન્સેન્ટ્રેટર્સ મોકલવામાં આવશે, જેને ઘર અથવા હોસ્પિટલોમાં ઉપયોગમાં લઈ શકાશે.

હજુ ગઈકાલે જ સરકારે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું કે, જે દર્દીઓ ઓક્સિજન પર હોય તેમને જ રેમડેસિવિયર આપવામાં આવશે. જોકે, કોર્ટે સરકારની સખ્ત ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, સરકારનું વલણ એવું લાગે છે કે જાણે લોકો મરતા હોય તો મરવા દો. કોર્ટે કહ્યું હતું કે સરકાર ઈન્જેક્શનની તંગીને ઓછી કરવાના હેતુથી પ્રોટોકોલમાં પરિવર્તન ના કરી શકે. સરકારના આ પગલાંને કોર્ટે કમ્પ્લિટ મિસમેનેજમેન્ટ પણ ગણાવ્યું હતું.

દેશભરમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા હોવાથી હોસ્પિટલમાં એડમિટ દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. જેના કારણે લગભગ તમામ રાજ્યો રેમડેસિવિયરની તંગીનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં જ યુપી અને બિહાર જેવા રાજ્યોએ ચાર્ટર્ડ પ્લેન દ્વારા ગુજરાતથી રેમડેસિવિયરનો મોટો જથ્થો મગાવ્યો હતો. ખાસ કરીને પ્રાઈવેટ હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા દર્દીઓની હાલત રેમડેસિવિયર વિના કફોડી થઈ રહી છે. કારણકે, ડૉક્ટર્સ ઈન્જેક્શનની વ્યવસ્થા કરવાનું કામ દર્દીના પરિચિતો પર છોડી રહ્યા છે.



હિતેષ પટેલની ફિલ્મ સેન્સર બોર્ડમાં પેનલ મેમ્બર તરીકે નિમણુંક

અમદાવાદ તા.૨૯

ભારતિય જનતા પાર્ટીના મીડિયા ઝોન કન્વીનર હિતેષ પટેલ (પોચી) ની આજે ભારત સરકારના સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફીકેશન (ફિલ્મ સેન્સર બોર્ડ)માં એડવાઈઝરી પેનલ મેમ્બર તરીકે નિમણુંક થઈ હતી.

કોરોનાને લીધે દેશમાં અત્યંત કપરી સ્થિતિ

પ્રથમ ડોઝ પછી કોરોના થાય તો પણ બીજો ડોઝ લેવો જરૂરી

નવી દિલ્હી, તા. ૨૯

કોરોનાને કારણે દેશ અત્યારે કપરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. રસીકરણની પ્રક્રિયા આ કોહરામને અટકાવે તેવી એક આશા છે. ઘણાં લોકો એવા છે જે અત્યાર સુધી કોરોનાની રસીનો પહેલો ડોઝ લઈ ચૂક્યા છે અને પહેલો ડોઝ લીધા પછી સંક્રમિત થયા છે. આ પરિસ્થિતિમાં ઘણાં લોકોમાં એવી ગેરસમજ ઉભી થાય છે કે, રસી લીધા પછી કોરોના પોઝિટિવ થાય તો બીજો ડોઝ છોડી દેવો જોઈએ. આ બાબતે નિષ્ણાતોના અભિપ્રાય જાણવા જેવા છે. એસજીપીજીઆઈના માઈક્રોબાયોલોજી વિભાગના પ્રમુખ પ્રોફેસર ઉજ્જવલા ઘોષાલનું કહેવું છે કે જો તમે અથવા તમારા સ્વજનોમાંથી કોઈ એવી વ્યક્તિ છે જેને કોરોનાની રસીનો પહેલો ડોઝ આપવામાં આવ્યો હોય અને પછી તરત તે કોરોનાથી સંક્રમિત થયું હોય તો પણ જેણે બીજો ડોઝ ચોક્કસપણે લેવો જોઈએ. જો કે કોરોના સંક્રમિત વ્યક્તિને બીજો ડોઝ ત્યાં સુધી આપવામાં નથી આવતો જ્યાં સુધી તે સંપૂર્ણપણે સ્વસ્થ ના થઈ જાય.

કોરોના સંક્રમિત વ્યક્તિને બીજો ડોઝ ત્યાં સુધી આપવામાં નથી આવતો જ્યાં સુધી તે સંપૂર્ણપણે સ્વસ્થ ના થઈ જાય

આ પરિસ્થિતિમાં દર્દીએ પહેલા સંપૂર્ણપણે સાજા થઈ જવું જોઈએ પછી કોરોનાની રસીનો બીજો ડોઝ લેવો જોઈએ. નિષ્ણાંતોનું કહેવું છે કે ભલે કોરોનાથી રિકવર થનાર વ્યક્તિમાં અમુક એન્ટીબૉડી બની ગઈ હોય. પરંતુ તેણે વેક્સિનનો બીજો ડોઝ લેવો જોઈએ.. માત્ર રસીની મદદથી જ શરીર સંપૂર્ણપણે એન્ટીબૉડી પ્રાપ્ત કરી શકે છે. જે લાંબા સમય સુધી તમને ફરીતી વાઈરસની ચપેટમાં આવવાથી બચાવી શકે છે.

હાઈકોર્ટનો આદેશ: વીમા કંપનીઓએ કોરોનાના દર્દીનું બિલ ૧ કલાકમાં મંજૂર કરવું

ન્યુ દિલ્હી,તા.૨૯

હાઈકોર્ટે કહ્યુ કે વીમા કંપની બિલોને મંજૂરી આપવા માટે ૬-૭ કલાક ન લઈ શકે. કેમ કે આનાથી હોસ્પિટલોમાંથી દર્દીના ડિસ્ચાર્જમાં મોડુ થાય છે અને બેડની જરુરિયાત વાળા લોકોને રાહ જોવી પડે છે. જજ પ્રતિભા એમ સિંહે ચેતવણી આપતા કહ્યુ કે જો કોર્ટને કોઈ વીમા કંપની અથવા થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર(ટીપીએ) પ્રોસેસિંગ ઈન્શ્યોરન્સ કલેમના બિલ કિલયર કરવા માટે ૬-૭ કલાકનો સમય લેતા હોવાની જાણકારી મળે છે તો તેમની સામે કોર્ટની અવમાનનાની કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે પોતાના આદેશમાં કહ્યુ કે વીમા કંપનીઓ અથવા ટીપીએની હોસ્પિટલોમાં અરજી મળ્યા બાદ બિલોને મંજૂરી આપવામાં ૩૦ થી ૬૦ મિનિટથી વધારે સમય ન લગાવવો જોઈએ. કોર્ટે વીમા નિયામક આઈઆરડીએઆઈને આ સંબંધમાં નિર્દેશ જારી કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે હોસ્પિટલ મેનેજમેન્ટને નિર્દેશ આપ્યો છે કે તે દર્દીના ડિસ્ચાર્જ થયાની રાહ જોયા વગર નવા દર્દીની ભરતી પ્રક્રિયા જારી રાખે જેથી દર્દીના બેડ ખાલી કરતા નવા દર્દીને બેડ મળી શકે. આનાથી લાંબા સમય સુધી બેડ ખાલી ન રાખી શકાય. આવો જ આદેશ જજ વિપિન સાંઘી તથા ન્યાયમૂર્તિ રેખા પલ્લીની બેંચે અલગ અલગ મામલાની સુનવણી દરમિયાન આપ્યો છે.

બેંચે વીમા કંપનીઓ અને ટીપીએને એ સુનિશ્ચિત કરવાના નિર્દેશ આપ્યા છે કે બિલોને મંજૂરી આપવામાં લાગેલા સમયને ઓછો કરવામાં આવે કેમ કે કોવિડ સંક્રમણોમાં ભારે વૃદ્ધિ દરમિયાન બેડની રાહમાં હોસ્પિટલની બહાર લાંબી લાઈનો લાગી છે. બેંચે કહ્યુ કે હોસ્પિટલોમાં દર્દીઓના ડિસ્ચાર્જમાં મોડું થવા પર જરૂરીયાત મંદોને દાખલ થવામાં મોડુ થાય છે અને દર્દી હેરાન થાય છે.

કોર્ટે આ નિર્દેશ એ તર્ક પર આપ્યો કે વીમા કંપની તથા ટીપીએ બિલોની ચૂકવણીમાં મોડેથી મંજૂરી આપી રહી છે. એ કારણે હોસ્પિટલમાં પ્રશાસન મજબૂરીમાં ૮ થી ૧૦ કલાક સુધી દર્દીઓને બેડ પર રાખે છે. અને જરુરીયાદમંદો બેડ મેળવવાથી બાકાત રહે છે. રાજધાનીમાં ઓકિસજનની અછતને લઈને પ્રમુખ રુતે સુનવણી થઈ.

AHMEDABAD MUNICIPAL CORPORATION
ENGINEERING WATER PROJECT DEPARTMENT
E-SHORT TENDER NOTICE NO.03/(01 to 01)/2021-22
Tender and Details Available On: www.nprocure.com

Sr. No.	Name of Work	Estimated amount in Rs. Lacs
1.	Construction of RCC Alum Dosing Tank in Jaspur Water Treatment plant of AMC under Water Project Department	9.73
	Online Tender submission Date & Time	Dt. 10/05/2021 Up to 18:00 Hrs

PUBLIC NOTICE

Notice is hereby given that the following share certificates are registered in our / my name has been lost. Therefore, I /we have applied for issue of duplicate share certificate to the AXEL INDUSTRIES LTD. (Regd. office Address : Plot No. 43/1, Village Nurpura, P.O.Baska, Tal. Halol, Dist. Panchmahal, So, general public are hereby warned about not to deal with the following securities and if company do not receive any objection within 15 days from the date of publication of this notice on above mentioned regd. address / of the company or to the company's R&T Agent Link Intime India Pvt. Ltd. Unit : AXTEL INDUSTRIES LTD. B-102 & 103, Shangrila complex, First Floor, Opp. HDFC Bank, Near Radhakrishna Char Rasta, Akota, Vadodara-390020. The Company will proceed for the issue of Duplicate share certificate(s) in my / our name.

Sr.No.	Folio No.	Name of Shareholders	Distinctive No.	Certi. Nos.	Shares (Qty)
1.	0016146	Nita B. Shah	4638101 to 4638200	28613	100
2.	0016151	Hemlata D. Shah	4638601 to 4638700	28618	100
3.	0016149	Dilip B. Shah	4638401 to 4638500	28616	100
4.	0011306	Sangita J. Shah	4122901 to 4123000	23461	100
5.	0011309	Nayanaben A. Shah	4123201 to 4123300	23464	100
6.	0016150	Shilpaben B. Shah	4638501 to 4638600	28617	100
7.	0016147	Varshaben B. Shah	4638201 to 4638300	28614	100
8.	0016143	Bhogilal B. Shah	4637801 to 4637900	28610	100
9.	0016144	Madhuben B. Shah	4637901 to 4638000	28611	100

Place : Ahmedabad
Date : 29-4-2021